


દાતાશ્રી કેશુભાઈ ગોટી સાહેબ,માતૃશ્રી કાશીબા હરિભાઈ ગોટી ચેરીટેબલ ટ્રસ્ટ,સૂરત દ્વારા દાનથી બનાવી આપેલ શ્રી મંડોર આશ્રમશઉાળાનું સ્વામી વિવેકાનંદ કુમાર/કન્યા નિવાસનું મકાન

આપનો સહકાર અને સક્રીય યોગદાન કેટલાંય તેજસ્વી, બુધ્ધિમત બાળકોના નસીબ ઉઘાડશે, કેટલાંયના મંગલદીપ પ્રગટાવશે. અમારા આ સેવાયજ્ઞમાં આપ સહયોગી બની રહો એ જ પ્રાર્થના. એ જ વિનંતિ.

આભાર સહ.

લિ. આપના સહૃદયી

**શાંતિભાઈ વી. નિનામા**

પ્રમુખ

ભીલ સેવા મંડળ દાહોદ






## વર્ષઃ ૨૦૨૩–૨૪ –: કારોબારી સમિતિ :–


| ક્રમ | નામ | હોદ્દો |
|---|---|---|
| ૧. | શ્રી શાંતિભાઈ વેલજીભાઈ નિનામા | પ્રમુખ |
| ૨. | શ્રી પરથીંગભાઈ મલજીભાઈ મુનિયા | ઉપપ્રમુખ |
| ૩. | શ્રી મુકેશભાઈ ભીમજીભાઈ પરમાર | મંત્રી |
| ૪ | શ્રી નરસિંહભાઈ કાનજીભાઈ હઠીલા | ટ્રસ્ટી |
| ૫. | શ્રી રમણભાઈ કલજીભાઈ હઠીલા | ખજાનચી |
| ૬. | શ્રી ચુનીલાલ કીકાભાઈ હઠીલા | કારોબારી સભ્ય |
| ૭. | શ્રી વાલચંદભાઈ કાળુભાઈ બીલવાળ | કારોબારી સભ્ય |






# ભીલ સેવા મંડળ દાહોદ

સ્થાપના તા.૨૩–૧૨–૧૯૨૩




સ્થાપક પૂજય શ્રી " ઠકકરબાપા "



–: સરનામું :–

**ભીલ સેવા મંડળ દાહોદ**

ઠકકરબાપા રોડ, દાહોદ ૩૮૯ ૧૫૧, તા.જી.દાહોદ– ગુજરાત,ભારત

ફોન નં. (૦૨૬૭૩) ૨૪૬૬૭૦ /૨૪૪ ૮૭૮

Emil :- bhilsevamandal@yahoo.com.

Website :www.bhilseva.org

## -: ભીલ સેવા મંડળની સ્થાપના :-

પંચમહાલમાં સને ૧૯૧૮ અને ૧૯૧૯ના વર્ષમાં ભીષણ દુષ્કાળ પડયો ત્યારે દીનહીન આદિવાસી સમાજને બચાવવા માટે સ્વ. શ્રી સુખદેવભાઈ ત્રિવેદીએ પ્રયત્નો શરુ કર્યા ને મદદ માટે મુંબઈ ભારત સેવક સમાજને અપીલ કરી, ત્યારે મહાત્મા ગાંધીજીએ શ્રી અમૃતલાલ વી. ઠકકરને મદદ માટે દાહોદ મોકલ્યા. આદિવાસીઓની કરુણ હાલત જોઈ તેઓ દ્રવી ઉઠયા અને ૧૯૨૩ માં આદિવાસી કલ્યાણ કામનો પાયો નાંખ્યો અને ભીલ સેવા મંડળની સ્થાપના કરી. આદિવાસીઓમાં ઠકકર બાપાના હુલામણા નામે ઓળખાતા અને ભારત વર્ષના આદિવાસીઓના 'બાપા' બની રહયા.

## -: ભીલ સેવા મંડળના ઉદ્દેશો :-

(૧) આદિવાસી અને સમાજના નબળા વર્ગ માટેની કલ્યાણકારી યોજનાઓની સાચી સમજ આપવી. તેમનો શૈક્ષણિક વિકાસ થાય અને સ્વનિર્ભર બને તે માટે પ્રયત્નો કરવા.

(૨) આર્થિક શોષણમાંથી મૂકત કરવા સહકારી પ્રવૃતિ ચલાવવી.

(૩) અંધશ્રધ્ધા, વહેમો અને કુરૂઢિઓ દુર કરવા માટે સામાજીક જાગૃતિ માટેના નશાબંધી કેમ્પ યોજવા.

(૪) આદિવાસીઓ આરોગ્ય વિશે સાચી સમજ કેળવે, કુટુંબ કલ્યાણ અને નશાબંધી તરફ અભિરુચિ કેળવે તે માટેની પ્રવૃતિઓ ચલાવવી.

(૫) આદિવાસી અને નબળા વર્ગોનો સર્વાંગી વિકાસ થાય અને સમાજના અન્ય વર્ગની સમકક્ષ બની જાય તેવા પ્રયત્નો કરવા.



સ્વ.પૂ.શ્રી અમૃતલાલ વી. ઠકકર,સ્વ.શ્રી મોરારજીભાઈ દેસાઈ સ્વ.શ્રી શ્રીકાન્તભાઈ શેઠ, સ્વ.શ્રી ડાહયાભાઈ નાયક, સ્વ.શ્રી સુખદેવભાઈ ત્રિવેદી, સ્વ.શ્રી અંબાલાલ વ્યાસ, સ્વ.શ્રી વણિકર દાદા, સ્વ.શ્રી રૂપાજીભાઈ પરમાર,સ્વ.શ્રી ઈશ્વરલાલ વૈધ,સ્વ.શ્રી મંગળદાસ આર્ય, સ્વ.શ્રી ચુનિલાલ પરીખ, સ્વ.શ્રી જાલજીભાઈ ડીંડોડ જેવી મહાન વિભૂતિઓએ આ સંસ્થામાં પ્રાણ પાથર્યા છે અને આદિવાસીઓના વિકાસ માટે જીવન સમર્પણ કર્યા છે.

## -: શૈક્ષણિક અને સહકારી પ્રવૃતિઓ :-

વ્યકિતનું ઘડતર અને વ્યકિતત્વનો વિકાસ કરી બુધ્ધિમત્તાને યોગ્ય માર્ગે વાળી સભ્યતાનાં શિખરો સર કરવા માટે શિક્ષણ મહત્વનું અંગ છે. આશ્રમ અને આશ્રમશાળાઓ ધ્વારા પ્રાચીન ઋષિમુનિઓની ગુરૂકુળ પધ્ધતિનું શિક્ષણ અપાય છે.

| અ.ન | પ્રવૃતિ | સંખ્યા | કુમાર | કન્યા | કુલ |
|---|---|---|---|---|---|
| (૧) | પ્રાથમિક શિક્ષણ ૬ થી ૧૪ વર્ષની વય જુથના આશ્રમશાળા | 18 | 1110 | 1110 | **2220** |
| (૨) | માધ્યમિક શિક્ષણ ૧૪ થી ૧૮ વર્ષની વય જુથના | | | | |
| | ૧. માધ્યમિક શાળા | 02 | 372 | 301 | **673** |
| | ૨. ઉતર બુનિયાદી આશ્રમશાળા | 02 | 40 | 98 | **138** |
| | ૩. ઉતર બુનિયાદી વિધાલય | 07 | 917 | 767 | **1684** |
| (૩) | ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ<br>ઉચ્ચતર ઉતર બુનિયાદી વિધાલય | 04 | 947 | 810 | **1757** |
| (૪) | ૧. છાત્રાલયો | 21 | 965 | 293 | **1258** |
| | ૨. ઉચ્ચતર છાત્રાલય | 01 | 25 | vv | **25** |
| (૫) | પ્રશિક્ષણ અને તાલીમ | | | | |
| | ધંધાદારી શિક્ષણ | 01 | --- | 176 | **176** |
| | ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિર્વસિટી | 01 | --- | 1407 | **1407** |
| | મહીલા અધ્યાપન મંદિર | 01 | --- | 200 | **200** |
| (૬) | પંચમહાલ જિલ્લા સર્વોદય યોજના લાભાર્થી | 01 | --- | --- | **301** |
| (૭) | ભીલ સેવા મંડળ સહકારી વસ્તુ ભંડાર | 01 | --- | --- | **211** |
| (૮) | ભીલ સેવા મંડળ કો. ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લિ. | 01 | --- | --- | **250** |
| | **કુલ** | **61** | **4376** | **5162** | **10300** |







ભીલ સેવા મંડળ, દાહોદની સ્થાપના કરનાર સ્વ.પૂ.શ્રી ઠકકરબાપાની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણી તથા સ્વ.પૂ.શ્રી અંબાલાલ વ્યાસ ગુરૂજીની પ્રતિમાની અનાવરણ વિધિ કરવાનો કાર્યક્રમ ગુજરાત રાજયના લોકલાડીલા માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી સાહેબ ના વરદ્ હસ્તે અને તેઓના અધ્યક્ષ સ્થાને શ્રી ટીટાડી કુમાર આશ્રમ ઝલોદમાં યોજવામાં આવ્યો હતો.

મુખ્ય મહેમાન તરીકે ગુજરાત સરકારના માનનીય મંત્રીશ્રી બચુભાઈ ખાબડ સાહેબ તથા દાહોદ જિલ્લાના સંસદ સભ્યશ્રી જશવંતસિંહ ભાભોર અને પૂ.શ્રી માર્ગીય સ્મિત સ્વામીજી, વિશ્વ મંગલમ આશ્રમ વાડોદર,જી.ભરૂચ તથા જીલ્લા કલેકટરશ્રી વિજય ખરાડી, જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી યોગેશભાઈ પારગી, જિલ્લા વિકાસ અધિકારી શ્રી રચિત રાજ અને ભીલ સેવા સેવા મંડળના પૂર્વ પ્રમુખશ્રી નરસિંહભાઈ કાનજીભાઈ હઠીલાએ સ્થાન ગ્રહણ કર્યુ હતું.

આ સંસ્થા ૯૭ વર્ષ ઉપરાંતની ઘણી જુની સંસ્થા છે. ને તેની ભૌતિક સુવિધાઓ જેવી કે મકાનો, ભોજનાલયો, રસોડા, વર્ગખંડો, પ્રોટેકશન વોલ, પીવાના પાણીની સુવિધા માટે નાણાંના અભાવે સંસ્થા મુંઝવણ અનુભવે છે.

ભીલ સેવા મંડળે ભારતમાં સૌ પ્રથમ આદિવાસીઓના કલ્યાણ કામની શરુઆત કરેલી છે. સરકારશ્રીનો આદિજાતિ વિકાસ પ્રવૃતિમાં ઘણો મોટો ફાળો રહયો છે. સરકારશ્રી તરફથી મળતું અનુદાન પુરતું ન હોવાના કારણે સમાજ પાસે હાથ લંબાવવો અનિવાર્ય બની રહે છે. અમારી સંસ્થાને મળતું દાન ભારત સરકારના નાંણા વિભાગના નોટીફીકેશન નં. એસ.ઓ. ૧૬૪૯ (ઈ) મુજબ ઈન્કમટેક્ષ કાયદાની કલમ–૮૦–જી(૫) હેઠળ ૫૦ ટકા કરમુકત છે.

